ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર ના બિન - શૈક્ષણિક કર્મચારીઓના સાતમા પગારપંચ મુજબનાપગાર ધોરણો મંજુર કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : આઇટીઇ-૧૨૧૭-૫૭-ખ૨
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩-૧૦-૨૦૧૭

વંચાણે લીધા :-

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના તા.૧૮.૦૫.૨૦૧૭ના પત્ર ક્રમાંક:CHE/ISC-7/ સાતમું/ ચિલ્ડ્ર/૨૦૧૭/૪૧૧૧

આમુખ:

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગરના બિન-શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચના લાભ આપવા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના તા.૧૮.૦૫.૨૦૧૭ના પત્રથી સાતમા પગારપંચ મુજબના સુધારેલ પગાર ધોરણો મંજુર કરવા દરખાસ્ત મળેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગરના બિન-શૈક્ષણિક કર્મચારીઓને કુલ ૧૮ સંવર્ગની મંજૂર થયેલ ૨૨ પૈકીની ભરાયેલ ૧૩ બિનશૈક્ષણિક ( ૬ નિયમિત પગાર ધોરણની જગાઓ તથા ૭ ફીક્સ પગારની જગાઓ) જગાઓને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ નીચેની શરતોને આધીન આપીએ.

શરતો:

(૧) ગુજરાત રાજ્ય સેવા ( પગાર સુધારણા ) નિયમો , ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઇઓને આધીન તા.૦૧-૦૧-૨૦૧૬ થી 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

(૨) સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વહીવટી વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને "સ્કેલ ટુ સ્કેલ" ના ધોરણે છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર

IITE
Inward No. 1466
Date 16-10-17

કરવામાં આવેલ છે તે જગ્યાઓ અને ત્યારબાદ રાજ્ય સરકારની મંજુરીથી નિયમિત પગાર ધોરણમાં ઉભી કરવામાં આવેલ પરિશિષ્ટ-અમાં દર્શાવેલ ૧૩ જગાઓને સાતમાં પગાર પંચ મુજબની પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.બાકી રહેતી ૦૯ ખાલી જગ્યાઓ રદ કરવાની રહેશે અને રદ કર્યા અંગેના વિધિસર હુકમો કરવાના રહેશે.જરૂર જણાયે પુનઃનાણા વિભાગના પરામર્શમાં જગ્યા ઉભી કરી શકાશે.આઉટ સોર્સીંગથી ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓ યુનિવર્સિટીએ જરૂરીયાત મુજબ પોતાની રીતે આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે. જેનો ઠરાવની અનુસૂચિમાં સમાવેશ કરવાનો રહેશે નહી.

(૩) પરિશિષ્ટ-અમાં દર્શાવેલ સંવર્ગની ૧૩ જગ્યાઓ સિવાયના કોઇ પણ સંવર્ગ/ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ સિવાયની કોઇ પણ જગ્યાને સરકારની પૂર્વ મંજુરી વગર પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં.

(૪) અનુદાનિત યુનિવર્સિટી દ્વારા સરકારની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ભરેલ કે ફીક્સ પગારથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહીં કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહી. યુનિવર્સિટી દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરવા અંગે યુનિવર્સિટીએ નિર્ણય કરવાનો રહેશે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી. અલબત નાણા વિભાગના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઉભી થયેલ અને સરકારની મંજુરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફીક્સ પગારની સેવા પૂર્ણ થયેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે.

(૫) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર ખરેખર પગાર સુધારણા તા.૦૧.૦૮.૨૦૧૭થી મળવાપાત્ર થશે એટલે કે ઓગષ્ટ-૨૦૧૭ના પગારમાં મળવાપાત્ર થશે. તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૦૭.૨૦૧૭ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ આ અંગે રાજ્ય સરકાર ધ્વારા નિર્ણય લેવામાં આવે ત્યાર બાદ તે મુજબ મળવાપાત્ર થશે.

(૬) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા વિધમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.

(૭) સાતમા પગાર પંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થા પોતાની સત્તાની રૂ એ કોઈ છૂટછાટ આપી શકાશે નહિ.

(૮) રાજ્ય સરકારની મંજુરી વિના હવે પછી કોઈ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકશે નહિ અને તેના સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકશે નહી. રાજ્ય સરકારની મંજુરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની

જોગવાઈઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુતમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/ બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુતમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર યુનિવર્સિટી દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઈ અનુદાન (પગાર –ભથ્થા અને નિવૃતિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે નહી.

(૧૦) ભારત સરકાર અને ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે. વોક ઇન ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહી. તથા વર્ગ-૨ અને તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઇ પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. (તા.૧/૧/૨૦૧૬ અને ત્યાર બાદની તમામ જાહેરાત કે જેની પસંદગી પ્રક્રિયા બાકી છે તેમાં ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

(૧૧) સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કાર્યવાહી હાથ ધરશે તો તે અંગે ની જવાબદારી યુનિવર્સિટીના રજીસ્ટ્રાર/સબંધિત અધિકારીશ્રીની રહેશે.

(૧૨) યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમો(ઉ.પ.ધો યોજના સહિત)નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) યુનિવર્સિટી પોતાની સત્તાની રૂએ કોઈપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઈ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવામાં આવે તો યુનિવર્સિટીની જવાબદારી રહેશે.

(૧૪) યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની પૂર્વ મંજુરી ઉચ્ચતર પગાર ધોરણની યોજનાનો અમલ કરી શકાશે નહી.

(૧૬) રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ મંજુરીથી હુકમો કરી અનુદાનિત સંસ્થાના કર્મચારીઓને જે ભથ્થાંઓ મંજુર કરેલ છે. તે ઉપરાંત કોઈ વધારાના ભથ્થા ચૂકવવાના રહેશે નહી કે છઠ્ઠા પગાર પંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાઓના દરમાં કોઈ વધારો કરવાનો રહેશે નહીં કે વધારાના પ્રોત્સાહન (incentives)/ લાભ રાજ્ય સરકારની મંજુરી વગર આપી

શકાશે નહી. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાંઓ –લાભ અંગેના હુકમો સીધે સીધા અનુદાનિત સંસ્થાઓના/સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પડશે નહીં સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૭) યુનિવર્સિટીના તમામ કર્મચારીઓનું આઈ.એફ.એમ.એસ (IFMS) સીસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓન લાઈન પે-ફીક્સેશન તથા ઓન લાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જ્વાબદારી જે તે સંસ્થાના પે ફીકશેશન કરનાર અધિકારી/ડીડીઓની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો-બનેલ પ્રસંગો(events) અદ્યતન કરી, ત્યાર બાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

(૧૮) પરિશિષ્ટ-અમાં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પગાર ધોરણો પણ યુનિવર્સિટી દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુનઃ દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૯) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓન લાઈન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ પગાર મુજબ બાંધણી થઇ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૨૦) યુનિવર્સિટીની કોઈ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી.

(૨૧) તા.૧/૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ (ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર તથા તે મુજબના નિવૃત્તિ લાભો જો મળવાપાત્ર થતા હશે તો તે ચૂકવવાના રહેશે.

(૨૨) યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને પરીવહન ભથ્થું મળવાપાત્ર નથી તે ધ્યાને લેતાં પરીવહન ભથ્થું તાત્કાલિક અસરથી બંધ કરવાનું રહેશે અને રાજય સરકાર દ્વારા સર્વગ્રાહી વિચારણા બાદ નિર્ણય લેવામાં આવે ત્યાં સુધી પરીવહન ભથ્થું ચૂકવી શકાશે નહી.

૨. યુનિવર્સિટીના કર્મચારી ગુજરાત રાજ્ય સેવા ( પગાર સુધારણા ) નિયમોની જોગવાઇ અનુસાર આ સાથે બિડેલ Annexure-I મુજબના વિકલ્પ ફોર્મમાં વિકલ્પ આપવાનો રહેશે તેમજ Annexure-II મુજબ બાહેંધરી ખત આપવાનું રહેશે.

૩. આ પગાર સુધારણાની મંજુરી ઉપર જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઇ આ શરતોનું પાલન થાય તે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૧૦/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીનાં અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી, (ઉ.અને ટેશિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (ઉ.અને ટેશિ), ના અંગત સચિવશ્રી શિક્ષણ વિભાગ
- નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કુલસચિવશ્રી, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (સેવા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી -૧ (ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટ જનરલશ્રી – ૨ (એ એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી , હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી, પે એન્ડ પો ફંડની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ
- સીલેક્ટ ફાઈલ- ખ-૨ શાખા.

શિક્ષણ વિભાગના તા.૧૩/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: આઇટીઇ/૧૨૧૭/૫૭/ખ-૨ સાથેનું બિડાણ

## પરિશિષ્ટ -અ

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગરના બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણો સુધારવાની મંજુરીની વિગતો

| અ. નં. | સંવર્ગ | તા.૦૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અનુદાનીત નિયમિત પગાર ધોરણની જગ્યાઓ પૈકી | | | છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ હોય તે ઠરાવની અનુસૂચિમાં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમાં પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારીત લેવલ | પે મેટ્રીક્ષમુજબ લઘુત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર જગ્યા ની સંખ્યા | ભરેલી જગ્યા | ખાલી જગ્યાઓ | પે બેંડ | પગારધોરણ | ગ્રેડ પે | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | રજિસ્ટ્રાર | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૬૦૦ | ૧૨ | ૭૮,૮૦૦ |
| ૨ | ચીફ અકાઉન્ટ ઓફિસર | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૩ | એકાઉન્ટ/ ઓડીટર | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૪ | કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન્સ | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ | ૧૦ | ૫૬,૧૦૦ |
| ૫ | આસીસ્ટન્ટ રજિસ્ટ્રાર | ૦૩ | ૦૩ | - | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૫૪૦૦ | ૧૦ | ૫૬,૧૦૦ |
| ૬ | ડાયરેકટર ફીઝીકલ એજ્યુકેશન & સ્પોર્ટસ | ૦૧ | ૦૧ | - | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૭ | વિદ્યાર્થી કલ્યાણ અધિકારી | ૦૧ | ૦૧ | - | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૦૬ | ૩૫,૪૦૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | યુનિવર્સિટી ડેવલોપમેન્ટ ઓફિસર | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૯ | ડેપ્યુટી રજિસ્ટ્રાર | ૦૨ | ૦૧ | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૧૦ | લાયબ્રેરીયન | ૦૧ | - | ૦૧ | PB3 | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | ૧૧ | ૬૭,૭૦૦ |
| ૧૧ | *ક્યુરેટર | ૦૧ | ૦૧ | - | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ | ૦૫ | ૨૯,૨૦૦ |
| ૧૨ | *ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | ૦૧ | - | ૦૧ | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૦૬ | ૩૫,૪૦૦ |
| ૧૩ | *હેડ કલાર્ક | ૦૧ | ૦૧ | - | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૦૬ | ૩૫,૪૦૦ |
| ૧૪ | *એકાઉન્ટન્ટ/ સીનીયર કલાર્ક | ૦૧ | ૦૧ | - | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | ૦૪ | ૨૫,૫૦૦ |
| ૧૫ | *જુનિયર કલાર્ક | ૦૨ | ૦૨ | - | PB1 | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | ૦૨ | ૧૯,૯૦૦ |
| ૧૬ | *ચીફવોર્ડન | ૦૧ | ૦૧ | - | PB2 | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૦૬ | ૩૫,૪૦૦ |
| ૧૭ | *વોર્ડન બોયઝ | ૦૧ | - | ૦૧ | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | - | - |
| ૧૮ | *વોર્ડન ગર્લ્સ | ૦૧ | ૦૧ | - | IS | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | - | - |
| કુલ | | ૨૨ | ૧૩ | ૦૯ | | | | - | - |

*નિશાની કરેલ જગાઓ પાંચ વર્ષના ફીકસ પગાર ધોરણે હાલ કાર્યરત છે.

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ